| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૬/૦૬/૨૦૨૦ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૯૧૩/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં. | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૪૮૯ | ૪ | ૮૪૯૩ | ૧૪૬૦૦ | ૪ | ૧૪૬૦૪ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૨૩ | ૧ | ૪૨૨૪ | ૫૭૩૬ | ૧ | ૫૭૩૭ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૮ | ૧ | ૨૯ | ૧૯૪ | ૫ | ૧૯૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૪૨૨ | ૪૦ | ૭૪૬૨ | ૮૪૩૦ | ૪૪ | ૮૪૭૪ |
| કુલ | | ૨૦૧૬૨ | ૪૬ | ૨૦૨૦૮ | ૨૮૯૬૦ | ૫૪ | ૨૯૦૧૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૬૨ | ૭૯,૦૦૦/- |

# <u>માસ્ક વિતરણ</u>

## ખાડીયા પોલીસ સ્ટેશન :-

ખાડિયા પોલીસ સ્ટેશન તરફથી વિટામિન સી ની દવાનું તથા માસ્કનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. તેમજ કોરોનાથી બચવા માટેના ઉપાયો અંગે માર્ગદર્શન આપ્યું

| | |
|---|---|
|  |  |
|  |  |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૧૪/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૮૧૪ લીટર દેશી દારૂ, ૨૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૧૫/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિજ કરંટ લાગતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૯૧૬/૨૦૨૦

**નિકોલઃ** મોહનજીપ્રસાદ કુશેશ્વરપ્રસાદ ચૌરસીયા (ઉ.વ.૩૨) (રહે. પ્રેરણા સોસાયટી સિંગરવા કઠવાડા રોડ તા.દસ્ક્રોઇ જી-અમદાવાદ) તા.૦૪/૦૬/૨૦૨૦ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણીની મોટરની સ્વીચ બંધ કરવા જતા વિજ કરંટ લાગતા નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીંગરવા આરોગ્ય કેન્દ્ર ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતજી બાબુજી ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૯૧૭/૨૦૨૦

**ચાંદખેડાઃ** મનસુખભાઈ કેશવજી સિંધવ (ઉ.વ.૬૭) (રહે.ગાયત્રીનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૬/૨૦૨૦ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના કડા સાથે દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિરેનકુમાર ભરતભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી